# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 27-03-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ.
- ✓ કેન્દ્રીય ચૂંટણીપંચે મતદાન મથક પર મતદારો માટે વિવિધ સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપી છે.
- ✓ રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભાજપે ઉમેદવારોના નામો જાહેર કર્યા.
- ✓ સર્વોચ્ચ અદાલતે મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં આરોપી જયસુખ પટેલના જામીન મંજૂર કર્યા.
- ✓ અમદાવાદ મંડળના લોકો શેડ- વટવાને ભારતીય રેલવે સ્તર પર આયોજિત લોકો કેબ અપગ્રેડેશન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું.

## LOKSABHA ELECTION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ છે.

પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે.

પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સંબંધિત રાજયોમાં આવેલા સંવેદનશીલ મતદાન મથકોએ વેબકાસ્ટીંગ ઉપરાંત દેશભરમા ચેકપોઇન્ટ ઉભા કરવા, ડ્રોન દ્વારા સરહદી વિસ્તારમાં દેખરેખ રાખવી સહિતના પગલાં લેવાશે.

.................

## EC---ADVISORY

કેન્દ્રીય ચૂંટણીપંચે આ ઉનાળામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીના પગલે, ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે વિવિધ સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપી છે.

ચૂંટણી પંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. આ ઉપરાંચ ચૂંટણી પંચે ગરમીના મોજાના તેમજ આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.

ઉલ્લેખનીય છે કે NDMA એ ગરમીના મોજાની સંભવિત અસર ઘટાડવા બપોરના 12 થી 3 દરમિયાન અગત્યના કામ સિવાય તાપમાં નહીં નીકળવાની સૂચના અપાઇ છે.

.................

## ELECTIONS

રાજય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભાજપે તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

જેમાં વિજાપુર બેઠક પરથી ડૉ.ચતુરસિંહ ચાવડા, પોરબંદર બેઠક પરથી અર્જુનભાઇ મોઢવાડિયા, માણાવદર બેઠક પરથી અરવિંદ લાડાણી, ખંભાત પરથી ચિરાગ પટેલ અને વાઘોડિયા બેઠક પરથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચુંટણી લડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ગુજરાતની તમામ 26 બેઠકો માટે સાતમી મે ના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. આ ઉપરાંત રાજ્યની વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે પેટાચૂંટણી પણ એ જ દિવસે યોજાશે. 12મી એપ્રિલે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે અને 19મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે.

રાજ્યમાં  50 હજાર 600થી વધુ મતદાન મથકો પર મતદાન થશે. ચૂંટણી માટે મતદાન મથકના કર્મચારીઓને તાલીમ આપવામાં આવી રહી છે. ચૂંટણી પંચ દ્વારા આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા માટે સમગ્ર તંત્રને આદેશો આપ્યા છે.

ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા આપી છે.  ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદના નિવારણ માટે પંચ દ્વારા રાજ્યમાં કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે ચૂંટણી ખર્ચ નિરીક્ષક દ્વારા રાજ્યભરમાં ફ્લાઈંગ સ્કવોડ પણ તૈનાત કરવામાં આવી છે. વધુને વધુ લોકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે અને ખાસ કરીને યુવા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા જનજાગૃતિના વ્યાપક કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે.

.................

## JAYSHUKH PATEL

સર્વોચ્ચ અદાલતે મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં આરોપી જયસુખ પટેલના જામીન મંજૂર કર્યા છે.

અદાલતે જયસુખ પટેલને સાત શરતો સાથેના શરતી જામીન આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, 30 ઓક્ટોબર 2022ના રોજ મોરબી ઝુલતા પુલ તૂટી પડવાની ઘટનામાં 135 લોકોના મોત થયા હતા. અગાઉ વડી અદાલતે જયસુખ પટેલના જામીન ના મંજૂર કરતા સર્વોચ્ચ અદાલતમાં અરજી કરાઈ હતી.

સર્વોચ્ચ અદાલતે શરતી જામીન મંજૂર કરતા ટ્રાયલ કોર્ટને શરતો નક્કી કરવા આદેશ કર્યો હતો. જે મુજબ ગઇકાલે મોરબી ડિસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા સાત શરતો સાથે જયસુખ પટેલને જામીન પર મુક્ત કરવા આદેશ આપ્યો છે.

.................

## MATDAN JAGRUTI

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરના 'મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન' અને 'કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટીમાં મતદાન જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તથા યુવાનોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઇન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

.................

## LS MATDAN JAGRUTI

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ (ગ્રામ્ય) દ્વારા જિલ્લામાં મતદાન જાગૃતિ માટે સિગ્નેચર કેમ્પેઈન, મતદાન સંકલ્પ, પ્રભાત ફેરી, સામૂહિક શપથ, બાઈક રેલી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમો અંતર્ગત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના 1,08,900 મહિલા વાલીઓ પાસે મતદાનનો સંકલ્પ લેવડાવાવામાં આવ્યો હતો તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને જિલ્લાની 600 શાળાઓમાં 26 માર્ચ થી 28 માર્ચ દરમિયાન સિગ્નેચર કેમ્પેઇનનું આયોજન કરવામાં આવ્યું છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## BHARTIY RAILWAY

અમદાવાદ મંડળના લોકો શેડ- વટવાને ભારતીય રેલવે સ્તર પર આયોજિત લોકો કેબ અપગ્રેડેશન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મળ્યું છે.

રેલવે બોર્ડ દ્વારા લોકો શેડ વટવાને, ઇલેક્ટ્રિક લોકો શેડ, લાલગુડા સાથે સંયુક્ત રૂપે વિજેતા જાહેર કરાયા છે.

આ પ્રસંગે વટવાના સિનિયર એન્જિનિયર એસ.પી. ગુપ્તાએ જણાવ્યું કે પશ્ચિમ રેલવેના સતત માર્ગદર્શન હેઠળ વટવા શેડએ અત્યંત ઓછા સમયમાં ઇલેક્ટ્રિક લોકોમોટિવના મેઈનટેનેન્સમાં સંપૂર્ણ ભારતીય રેલવેમાં પોતાનું અલગ સ્થાન બનાવ્યું છે, હાલમાં વટવા શેડમાં 138 ઇલેક્ટ્રિક લોકોમોટિવના મેઈન્ટેનન્સનું કામ કરવામાં આવી રહ્યું છે, વટવા શેડના કર્મચારીઓએ મહેનત, લગન અને ક્ષમતાની સાથે કરેલા કામના પરિણામસ્વરૂપે વટવા શેડને ભારતીય રેલવેમાં પોતાના નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે.

શ્રી ગુપ્તાએ જણાવ્યું કે વટવા શેડ વર્ષ 2023 માં પૂર્ણ સ્વરૂપે ડિઝલ લોકોથી ઇલેક્ટ્રિક લોકો શેડમાં રૂપાંતરણ થયું છે.

.................

## RANGBHUMI

આજે વિશ્વ રંગભૂમિ દિવસ છે.

રંગભૂમિ પર ભજવાતી ભવાઈએ ગુજરાતનું પરંપરાગત લોકનાટ્ય છે. સિદ્ધપુરના ઔદીચ્ય બ્રાહ્મણ કુળમાં જન્મેલા અસાઈત ઠાકરે ૧૪મી સદીમાં ભવાઈની શરૂઆત કરી હતી. અસાઈત ઠાકરે સમાજમાં રહેલા રીવાજો અને લોક જાગૃતિ માટે ૩૬૦ દિવસના ૩૬૦ ભવાઈવેશો લખ્યા હતા.

એક સમયે મનોરંજનનું પ્રબળ માધ્યમ ગણાતી ભવાઈ આજે લુપ્ત થઈ રહી છે. ત્યારે મહાકાલી ભવાઈ મંડળના કલાકારો સરકાર ના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ભવાઈને "સંરક્ષિત લોકકલા" ઘોષિત કરી ગ્રાન્ટ, પ્રશિક્ષણ અને પ્રોત્સાહન આપી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગૌરવ અપાવવા પ્રયત્નો કરવાની માંગણી કરી રહ્યા છે. સાથે સાથે સરકારના સ્વચ્છતા અભિયાન, ડીઝીટલ ઇન્ડિયા, બેટી બચાવો, એઇડ્સ જાગૃતિ, કન્યા કેળવણી, સાક્ષરતા અભિયાન, અંધશ્રદ્ધા નિવારણ, પ્રવાસન વિભાગ જેવા સરકારી કાર્યક્રમમાં ભવાઈના કલાકારોનો ઉપયોગ કરવા અનુરોધ કરી રહ્યા છે.

.................

## VAVETAR

રાજ્યમાં ડુંગળી, બાજરી, તલ, મગફળી સહિતના ઉનાળુ પાકોના વાવેતરનો પ્રારંભ થયો છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં 7500 હેક્ટરમાં ડુંગળી અને 34 હજાર 600 હેક્ટરમાં મગફળીનું વાવેતર કરાયું છે.

રાજ્યમાં સૌથી વધુ ઉનાળુ વાવેતર ભાવનગર જિલ્લામાં થયું છે. ભાવનગર જિલ્લામાં 5 હજાર 600 હેક્ટરમાં ડુંગળી અને 7600 હેક્ટરમાં મગફળીનું વાવેતર સહિત કુલ 44 હજાર 100 હેક્ટરમાં ઉનાળુ વાવેતર કરાઈ ચુક્યું છે. આ સાથે બાજરી અને તલનું પણ વાવેતર કરાઈ રહ્યું છે.

.................

## KHEDA

ખેડા જિલ્લામાં કલેક્ટર કચેરી ખાતે લોકસભાના મતવિસ્તારો અંગે અગત્યની માહિતી પ્રદર્શિત કરવાના હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા માહિતી કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું છે.

અમારા ખેડા જિલ્લાના પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે, EMMC એટલે કે ઇલેક્ટ્રોનિક મીડિયા મોનીટરીંગ કંટ્રોલ રૂમ ખાતે શરૂ કરવામાં આવેલ માહિતી કેન્દ્રમાં ખેડા લોકસભાના મતવિસ્તારો, જિલ્લાના ચૂંટણી અધિકારીઓની માહિતી,

ચૂંટણીલક્ષી ફરિયાદ તથા માહિતી માટેના ટોલ ફ્રી નંબર સહિત અન્ય અગત્યની માહિતી પ્રદર્શિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી સમયે ખોટા સમાચારનો પ્રચાર પ્રસાર ન થાય તે હેતુથી ઇલેક્ટ્રોનિક મીડિયા મોનિટરીંગ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે.

.................

## 'INTANGIBLE HERITAGE'

ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ સમા ગરબાને યુનેસ્કોની 'અમૂર્ત વારસા'ની સૂચિમાં સમાવિષ્ટ કરવા અંગેનું પ્રમાણપત્ર ફ્રાન્સના પેરીસમાં યોજાયેલા એક સમારંભમાં વિધિવત અર્પણ કરાયું છે.

યુનેસ્કોના ડાયરેક્ટર જનરલ શ્રીમતી ઓડ્રે અઝોલે આ પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગરબા સહિત કુલ 15 સાંસ્કૃતિક વારસાઓનો યુનેસ્કોની 'અમૂર્ત વારસા'ની સૂચિમાં ગત 6 ડિસેમ્બર 2023ના રોજ સમાવેશ કરાયો હતો.

.................

## CHOTILA ACCIDENT

રાજકોટ ચોટીલા હાઈવે પર થયેલા એક અકસ્માતમાં બે મહિલા સહિત ત્રણ વ્યક્તિના મૃત્યુ થયા છે.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમારના જણાવ્યા અનુસાર ગઇકાલે મોડી રાત્રે થયેલા આ અકસ્માતમાં એક એમ્બ્યુલન્સને અજાણ્યા ટ્રકે ટક્કર મારતા ચોટીલાના રહેવાસી એમ્બ્યુલન્સના ચાલક અને બે મહિલા સહિત કુલ ત્રણ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યાં છે.

એમ્બ્યુલન્સમાં સવાર દર્દી અને અન્ય એક વ્યક્તિનો આબાદ બચાવ થયો છે. અકસ્માત બાદ  ચોટીલા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

.................

## CHHOTA UDEPUR - GOL-FARYU MELO

છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાનાં રૂમડિયા ગામે ગઇકાલે અનોખો ગોળ-ફર્યું નો મેળો ભરાયો.

અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવાના જણાવ્યા અનુસાર હોળીના ત્રીજા દિવસે ભરાતા આ પરંપરાગત મેળામાં આદિવાસીઓ નીરોગી રહેવાની આસ્થા માટે એક લાકડાના માંચડા પર લટકીને ગોળ ફરવાની બાધા રાખે છે. આ સાથે સળગતા અંગારા પર ચાલીને પણ લોકો પોતાની આરોગ્ય માટેની લીધેલી બાધાઓ પૂરી કરે છે.

.................